# હિંમતનગરથી ઈડર તરફના માર્ગે દોઢ માસથી ખોદકામ ચાલતા સ્થાનિકજનો પરેશાન

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠાના હિંમતનગરથી ઈડર તરફ જતા એલ.આઈ.સી. ઓફિસ પાસે તંત્ર દ્વારા દોઢ માસ પહેલા માર્ગને અડીને પાઈપલાઈનો નાખવા માટે ખોદકામ હાથ ધરવામાં આવ્યું છે. જેથી આસપાસની ૭૦ જેટલી દુકાનોના માલિકો, રાહદારીઓ, ગ્રાહકો અને વાહનચાલકો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. અંતે પરેશાન રહીશોએ આ મામલે ઝડપી કામ કરાવવા તંત્ર સમક્ષ ઉગ્ર માંગણી કરી છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ઈડર તરફ જવાના માર્ગ પર એલ.આઈ.સી. ઓફિસ પાસે છેલ્લા દોઢ માસથી તંત્ર દ્વારા માર્ગને અડીને પાઈપલાઈનો નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી મોટા પાયે ખોદકામ પણ કરવામાં આવી રહ્યું છે. પરિણામે માર્ગની આસપાસના વિસ્તારોમાં ૭૦ જેટલી વિવિધ દુકાનો ધરાવતા દુકાનદારો, નાના-મોટા વેપારીઓ, વાહનચાલકો, રહીશો અને રાહદારીઓ દરરોજ પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. દોઢ મહિનામાં આ ખોદકામને કારણે અસંખ્ય અકસ્માતો, પશુઓ પડી જવાના અને વાહનોને નુકશાન થવાના બનાવો બનવા પામ્યા છે. આમ છતાં આ બેદરકારીની હકિકત કોઈને પણ ધ્યાને નહી આવતા આ વિસ્તારના દુકાનદારો અને રહીશોએ તંત્રને લેખિત રજૂઆતો કરી છે અને સત્વરે આ કામ પૂર્ણ કરી લોકોની હાલાકી દૂર નહી કરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## હિંમતનગર ખાતે જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળની આગામી ૧૭ એપ્રિલ-૨૦૧૨ના રોજ ૧૨.૩૦ કલાકે ટાવરચોક પાસે હનુમાન મંદિર સત્સંગ હોલ ખાતે સામાન્ય બેઠક યોજાશે. જેમાં પેન્શનરોને લગતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. હિંમતનગરના ટાવર ચોક ખાતે હનુમાન મંદિર હોલમાં યોજાનાર પેન્શનર મંડળની બેઠકમાં જિલ્લા મથકે કાર્યાલય ઉભુ કરવા, દરેક સભ્યોએ ૧૦ પેન્શનરો બનાવવા, વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

# ઘઉંમાં મુકવાની ગોળીઓ ગળીને યુવકે કરેલી આત્મહત્યા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠાના ભિલોડા તાલુકાના બુઢેલી ગામમાં એક યુવાને અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ઘઉંમાં મુકવાની ગોળીઓ ગળી જતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પોલીસે આ મામલે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠાના ભિલોડા તાલુકાના બુઢેલી ગામમાં રહેતા ૩૭ વર્ષીય કનુભાઈ પુંજાભાઈ પટેલ નામના યુવાને અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ઘઉંમાં મુકવાની ગોળીઓ ગળી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનોએ તાત્કાલિક શામળાજી સરકારી દવાખાને લઈ ગયા હતા પરંતુ યુવાનની હાલત વધુ ગંભીર જણાતાં ફરજ પરના તબીબોએ યુવાનને હિંમતનગર હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપી હતી. આથી પરિવારજનો હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યાં યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પરિણામે હિંમતનગર સિવિલ હોસ્પિટલના તબીબ ડૉ. હસમુખ પટેલે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસ તાત્કાલિક હોસ્પિટલ દોડી આવી હતી અને આ મામલે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાયડ તાલુકાના દખણેશ્વર ગામે ડે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરતાં મહેન્દ્રસિંહ વાઘેલા

બાયડ, તા. ૧૧

બાયડ તાલુકાના દખણેશ્વર ગામે તાજેતરમાં જ જય અંબે ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ ઉદ્‌ઘાટન સમારોહ માલપુર-મેઘરના ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે યોજાયો હતો. આ ટુર્નામેન્ટમાં ૧૨૦ જેટલી ટીમો વચ્ચે ખરાખરીનો જંગ યોજાશે. જેમાં ફાઈનલ વિજેતાને ૨૫૦૦૦/- રૂ. રોકડ ઈનામ આપવામાં આવશે.

આ ટુર્નામેન્ટમાં મુખ્યમહેમાન તરીકે ધવલસિંહ ઝાલા, પ્રદેશ કોંગ્રેસ લઘુમતી સેલના યુસુફભાઈ શેખ, તાલુકા પંચાયત સદસ્ય માનવેન્દ્રસિંહ, અંજનાબેન દિક્ષિતભાઈ, ધનસુરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનહરસિંહ સોલંકી, રડોદરા સરપંચ હિતેશભાઈ પટેલ, વાહનભાઈ ભરવાડ, દખણેશ્વરના સરપંચ રાકેશભાઈ પટેલ તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન પટેલ રોહીત, પટેલ ભાવીક, પટેલ રાહુલ તેમજ પરમાર ઝાલમસિંહ દ્વારા કરવામાં આવ્યુ છે.


# પાટનાકુવાના સ્વયંભૂ તુળજા ભવાની મંદિરની પુસ્તિકાનું વિમોચન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના પાટનગર ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા પાટનાકૂવા ગામમાં ૪૦૦ વર્ષ પ્રાચિન સ્વયંભૂ તુળજા ભવાની શક્તિપીઠ મંદિર આવેલું છે. દિન પ્રતિદિન આ શક્તિપીઠનો મહિમા વધતો જાય છે.

મંદિરનો ઈતિહાસ ૪૦૦ વર્ષ પ્રાચિન અને રસપ્રદ હોવાથી રાજેશગિરી ગોસ્વામીની રાહબરી હેઠળ તુળજા પ્રચાર સમિતિના સહયોગથી સ્વયંભૂ તુળજા ભવાની મહિમાની ધાર્મિક પુસ્તિકા તૈયાર કરવામાં આવી હતી. વિમોચન પ્રસંગે પુસ્તકના દાતા અંબાલાલ સોની, મંદિરના પુજારી વિષ્ણુભાઈ રાવલ, મહાદેવના પુજારી જીવણગિરી ગોસ્વામી અને મંડળના પ્રમુખ રણછોડભાઈ પટેલના હસ્તે ગાંધીનગરથી પાટનાકૂવા તુળજા ધામે પગપાળા આવનાર કથિરીયા સંગીતા, કથિરીયા દિપક, કિકાણી અને સેજલને ધાર્મિક પુસ્તિકા અર્પણ કરવામાં આવી હતી.

સ્વયંભૂ તુળજા ભવાની મહિમાના અલૌકિક સ્મરણો સહિતની અનેક જાણી-અજાણી માહિતી આ પુસ્તિકાના પાને-પાને સચવાઈ છે જે શક્તિપીઠ ધામે આવનાર યાત્રિકોને તો ઉપયોગી છે જ પરંતુ આ વિષયે જાણવા ઈચ્છતા દરેક વાંચક રસિકો માટે એક અવર્ણનીય આનંદની અનુભૂતી કરાવે છે.



બનાસકાંઠા જિલ્લામાં નવા આવેલા જિલ્લા પોલીસ વડા અશોક યાદવે આજે પાલનપુર ખાતે આવીને વર્તમાન ડી.એસ.પી. કટારા પાસેથી ચાર્જ સંભાળ્યો હતો. સવારે નિયમોનુસાર તેમને વેલકમ કરી પોલીસ સ્ટાફે સલામી આપી હતી તથા બન્ને પોલીસ વડાએ એક બીજાને શુભેચ્છાઓ પાઠવી હતી જેની તસવીર દશ્યમાન થાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## સાત વિકેટે વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર કોર્પોરેશન વતી દાવનો આરંભ હર્ષજીત પંડ્યા અને કાર્તિક પટેલે કર્યો હતો. ૨૮ રને કાર્તિક પટેલ કેચઆઉટ થતાં પ્રથમ વિકેટ પડી હતી. આ પછી જીતુ રાયકા અને જીગા બાપુની પણ વિકેટ ઝડપથી પડી જવા પામી હતી. એક તબક્કે વિજય અશક્ય દેખાતો હતો પરંતુ આ પછી મેદાનમાં આવેલા શંકરભાઈ ચૌધરી અને હર્ષજીત પંડ્યાએ બાજી સંભાળી લીધી હતી.

આ બન્ને બેટ્સમેનોએ ૭૦ થી પણ વધુ રનની ભાગીદારી નોંધાવી અને આકર્ષક રમત દાખવી જામનગરના પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. આ બન્ને બેટ્સમેનો છેક સુધી અણનમ રહ્યા હતા. હર્ષજીત પંડ્યાએ ૮૦ રન અને શંકરભાઈ ચૌધરીએ અણનમ ૩૨ રન નોંધાવ્યા હતા. હવે ગાંધીનગર કોર્પોરેશનની ટીમ જામનગર કોર્પોરેશનની ટીમ સામે ટકરાશે અને તેમાંથી જે વિજેતા થશે તે સેમિફાઈનલમાં પ્રવેશ મેળવશે.

## માર્ગોને ચકાચક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટરોમાં રસ્તા સુધારવાનું કામ પૂરજોશમાં શરૂ કરી દેવાયું છે. નવાની સાથે શહેરના જૂના સેક્ટરોમાં પણ આંતરિક માર્ગોની ઉબળ-ખાબળ સ્થિતિ નિવારવા પાટનગર યોજના વિભાગ દ્વારા આયોજન કરી દેવાયું છે. જો કે સે. ૨૦ થી ૩૦ના માર્ગોના મજબુતીકરણ અન્વયે હજુ વિભાગકક્ષાએથી દરખાસ્તને મંજુરી મળી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર માર્ગ નવીનીકરણની કામગીરીના અંતે વિવિધ માર્ગોના નવા નામાભિધાન મુજબના બોર્ડ પણ લગાવી દેવાશે. શહેરમાં માર્ગ સુધારણાની સાથે બાકી રહેલા સેક્ટરોના શોપીંગ વિસ્તારમાં પાર્કીંગ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

## રેલવેમાં લઘુશંકા કરવા માટે ગયા ને મહિલાનું પર્સ ચોરાયું

અમદાવાદ,તા.૧૧

રેવલે સ્ટેશન પર મુસાફરોને લૂંટવાના તરહ તરહના કિમીયા તસ્કરો અજમાવી રહ્યા છે. ત્યારે ગઈ કાલે મુંબઈની એક મહિલાનું પર્સ ચોરાયું હોવાની ઘટના રેલવે પોલીસના ચોપડે નોંધાઈ છે.


**ટચૂકડી જાહેર ખબર**

**પેઈન ગેસ્ટ**

માટે મળો
સેક્ટર-૬ લેડીઝ માટે
સંપર્ક : ૯૮૨૪૪ ૭૩૨૧૦
૯૮૨૫૩ ૫૦૪૫૩

**આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...**

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


# બનાસકાંઠાના નવીન પોલીસ વડાએ ઘાડા ગામ અને હિજરતી છાવણીની મુલાકાત લીધી



ડીસા, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે નવા આવેલા પોલીસ અધિક્ષક અશોકકુમાર યાદવે આજે ડીસા શહેરમાં મામલતદાર કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષથી હિજરત પર બેઠેલા હિજરતી પરિવારોની મુલાકાત લઈ હિજરતીઓને સાંભળ્યા હતા.

ડીસા તાલુકાના ઘાડા ગામે ત્રણેક વર્ષ અગાઉ દલિત યુવાનના મોતને લઈ દલિત સમાજે વિવિધ આક્ષેપો કર્યા હતા. યુવાનનું મોત અકસ્માતે નહી પરંતુ તેની હત્યા કરી હોવાનો આક્ષેપ તેમજ આરોપીઓ વિરૂદ્ધ કડક પગલાં ભરવાની માંગણી કરી હતી. વળી આ સમસ્યાને લઈ શહેરમાં દલિતરેલી યોજાઈ હતી. જેમાં પોલીસે કેટલાક દલિત અગ્રણીઓ રેલીમાં હાજર ન હોવા છતાં ફરીયાદમાં આરોપી તરીકે દર્શાવ્યા હતા. આમ પોલીસ તેમજ આરોપીઓ સામે વિવિધ આક્ષેપો કર્યા હતા. ઘાડાના ૨૭ દલિત પરિવારો છેલ્લા ૩ વર્ષ કરતા અધિક સમયથી મામલતદાર કચેરી કમ્પાઉન્ડ ખાતે છાપરાં બનાવી હિજરત પર બેઠા છે. તેમને મનાવવા માટે સ્થાનિક તંત્રથી માંડી જિલ્લા કલેક્ટર, મંત્રીઓ, ગાંધીનગરના અધિકારીઓ તેમજ કેન્દ્રિય કક્ષાએથી પણ પ્રયાસો કરવામાં આવેલ છે તેમ છતાં સમાધાન ન થતાં આજે પણ પરીવારો હિજરત પર બેઠા છે. જેના કારણે તેમના માસુમ બાળકો શિક્ષણથી વંચિત બન્યા છે ત્યારે બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરીકે નવા આવેલ અશોકકુમાર યાદવે આજરોજ ઘાડા ગામ અને હિજરતી છાવણીની મુલાકાત લઈ અગ્રણીઓ સાથે ચર્ચા કરી અને આગામી સમયમાં આ સમસ્યાનું સુખદ સમાધાન થાય તો માટે કાર્યવાહી કરવા હૈયાધારણા આપી હતી.

# ખેડબ્રહ્મામાં રેશનીંગની દુકાનવાળા શટલીયા જીપોવાળાને કેરોસીન વેચતા હોવાની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્મા શહેરમાં વાસણા માર્ગની આસપાસના વિસ્તારમાં આવેલી કેટલીક રેશનીંગની દુકાન વાળાઓ ખુલ્લે આમ શટલીયા જીપો વાળાને બ્લેકમાં કેરોસીન પુરું પાડી રહ્યા છે. જયારે રેશન કાર્ડ ધારકોને ધરમ ધક્કા ખવડાવી રહ્યા હોવાની ચર્ચાએ ખેડબ્રહ્મામાં જોર પકડયું છે.

ખેડબ્રહ્મા શહેરમાં વાસણા રોડની આસપાસના વિસ્તારોમાં ચાલતી કેટલીક રેશનીંગની દુકાનોમાંથી દુકાનના સંચાલકો મોટા પાયે બ્લેકમાં શટલીયા જીપ ચાલકોને કેરોસીન પુરું પાડી રહ્યા છે. જયારે મૂળ રેશનીંગ કાર્ડ ધારકોને રોજ બહાના બતાવી રહ્યા છે તો બીજી તરફ બપોર પછી રેશનીંગની દુકાનો પર સંચાલકો શટલીયા જીપવાળાઓને પેટ્રોલ પંપની જેમ લાઈન લગાવી રૂ. ૨૦૦ રોકડા લઈ ૫ લીટર કેરોસીન પુરું પાડી રહ્યા છે અને એક બીજા જાણે હરિફાઈ કરતા હોય તેમ પંડીત દીન દયાળ યોજનાની જાણે મજાક કરતા હોય તેવું લાગી રહ્યું છે. આ સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ કરવામાં આવે અને આવા રેશનીંગની દુકાનના સંચાલકો સામે કડક પગલા ભરવા કાર્ડધારકો માંગણી કરી રહ્યા છે.

# મેઘરજ તાલુકામાં માર્ચ માસમાં દારૂના ૫૦ કિસ્સા નોંધાયા

મેઘરજ, તા. ૧૧

મેઘરજ તાલુકામાં ગત માર્ચ માસ દરમિયાન ૫૦ કિસ્સા દારૂ બાબતના પોલીસ દફતરે નોંધાયા હતા. જેમાં મેઘરજ પોલીસે ૧૭ અને ઈસરી પોલીસે ૩૩ કેસ નોંધ્યા હતા. તથા તાલુકામાં ઠેર ઠેર અખાદ્ય ગોળ અને મહુડાનું ધુમ વેચાણ જાહેરમાં થતું હોવા છતાં પોલીસ આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહી છે.

મળતી માહિતી અનુસાર મેઘરજ તાલુકામાં દારૂની બદી ઠેર ઠેર પ્રવર્તી રહી છે. ત્યારે પોલીસ પણ આ આ બદીને નાથવા મહદઅંશે પ્રયાસ કરતી હોય તેમ લાગે છે. તાલુકાના બન્ને પોલીસ મથકોમાં મળીને એક માસ દરમિયાન ૫૦ દારૂના કિસ્સાઓ નોંધાયા હતા. જેમાં ઈસરી પોલીસે અંગ્રેજી દારૂ અંગેના ૬ કેસ, દેશી દારૂ ગાળવા અને વેચવા માટેના ૧૫ કેસ તેમજ દારૂ પી ને છાટકા બનેલા દારૂડીયાઓને પકડવાના ૧૨ કેસ માર્ચ માસમાં નોંધ્યા હતા. જ્યારે મેઘરજ પોલીસે દારૂ અંગેના ૧૬ અને દારૂ પી ને છાટકા બનેલા તત્વોને ઝડપવાનો ૧ કેસ બનાવ્યો હતો.

મેઘરજમાં વહેલી સવારથી જ દેશીદારૂ પી ને છાટકા બની ફરતા દારૂડીયાની સંખ્યા ઉઠીને આંખે વળગે તેમ છે. ત્યારે માત્ર એક જ કેસ પીધેલાનો નોંધાતા પોલીસ સામે પ્રશ્નાર્થ ઉભો થાય છે. તો બીજી તરફ મેઘરજ પોલીસમથકની હદમાં ખોખરીયા, મેઘરજ, રામગઢી, પટેલઢુંઢા, ઉન્ડવા તથા ઈસરી પોલીસની હદમાં શણગાલ, કસાણા, વડથલી સહિતના અનેક ગામમાં દેશી દારૂ ગાળવા માટેનો અખાદ્ય ગોળ અને મહુડાનું ધુમ વેચાણ બેરોકટોક થતુ હોવા છતાં આવા તત્વો સામે પોલીસની નજર ન પડતા અનેકવિધ સવાલો ઉભા થાય છે.

# ઈસનપુરમાંથી મધ્યપ્રદેશના બે કિશોરો મળતાં સનસનાટી

અમદાવાદ,તા.૧૧

શહેરમાં પ્રતિદીન એક પછી એક કિશોરો ગુમ થવાની ઘટના બની રહી છે. ત્યારે મધ્યપ્રદેશથી ભાગી અમદાવાદ આવેલા બે કિશોરો ઈસનપુર પોલીસને મળી આવ્યા છે. બન્ને કિશોરોને મધ્યપ્રદેશ પરત મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવી છે.બન્ને કિશોરોએ પોલીસને જણાવ્યું હતુ કે, તેમના માતા-પિતા સાથે ઝઘડો થતા ટ્રેનમાં બેસી અમદાવાદ આવી ગયા હતા.ગઈ કાલે મોડી રાત્રે ઈસનપુર પોલીસને બે કિશોરો રસ્તાપર રખડતા મળી આવ્યા હતા. જેથી પોલીસે તેમની પુછપરછ હાથ ધરી હતી. જેમાં કિશોરો ગુજરાતી જાણતા ન હોવાનું પોલીસને જાણવા મળ્યુ હતુ. તેથી પોલીસે વધુ પુછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા અમારા માતા પિતા સાથે ઝઘડો થયો હતો. જેથી અમે બન્ને અહીંયા ભાગીને આવી ગયા હતા. ત્યાર બાદ અમે ઈસનપુર વિસ્તારમાં આવ્યા હતા અને અહીંયા પેટનો ખાડો પુરવા માટે જુદી જુદી જગ્યાએ મજુરી કરતા હતા. મજુરીના દરરોજ સાંજે પૈસા આવે તેમાંથી લારી પર જમતા હતા.

પોલીસે બન્ને કિશોરો અંગે પુરતી તપાસ કરી તેમના સગા સબંધીઓને આ મામલે જાણ કરી છે. આજે સાંજ સુધીમાં તેમના સગા તેમને લેવા આવે તેવી શક્યતા પોલીસ સેવી રહી છે. ત્યા સુધી કિશોરોને સલામત સ્થળે રાખવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે.

## પુરવઠા તંત્રના દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા કરાયેલી લાલ આંખને લઈ વેપારીઓ અને સંગ્રહાખોરોમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. પુરવઠા તંત્ર દ્વારા શરૂ કરાયેલી આ કામગીરી દરમિયાન ઘઉંનો મોટો જથ્થો પણ પકડાયાનું જાણવા મળેલ છે. જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પાંડોરને પુછતાં તેમણે જણાવ્યું હતું કે ગેરકાયદે સંગ્રહખોરી ચલાવી લેવાશે નહિ.


**જાહેર નિવિદા નં. ૧ (એસ.કે.) સને ૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર - ૩૮૨૦૦૭ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા સફાઈ માટે એસિડ, ફીનાઈલ, બ્લીચીંગ લીક્વીડ વિગેરે પરચુરણ માલસામાન સપ્લાય કરતા વેપારીઓ પાસેથી ખરીદ કરવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો તા. ૨૧-૪-૨૦૧૨ સમય ૧૬-૦૦ કલાક સુધી રૂ. ૩૦૦/- ફી લઈને આપવામાં આવશે અને ભાવ ભરેલા ભાવપત્રકો તા. ૨૬-૪-૨૦૧૨ સમય ૧૬-૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા પરત સ્વીકારવામાં આવશે. ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે રૂ. ૧૦૦૦/-ની એફ.ડી.આર. ૧૮૦ દિવસની મુદતની અવશ્ય બીડવી અન્યથા ભાવપત્રક રદ ગણાશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.
માહિતી/૬૪/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |